શ્રી માલદેવજી ઓડેદરા સ્મારક ટ્રસ્ટ સંચાલિત

# ડૉ. વિરમભાઈ રાજાભાઈ ગોઢાણિયા

મહિલા આર્ટસ્, કોમર્સ, હોમસાયન્સ એન્ડ ઈન્ફર્મેશન ટેકનોલોજી કોલેજ

# જયોતિર્ગમય

(દ્વિમાસિક મુખપત્ર)

To, ______________________

પ્રકાશક - Books & Publication Division
Dr. V. R. Godhaniya Mahila College, Porbandar.
મુદ્રક : ''ગેલી પ્રિન્ટર્સ'' પોરબંદરમાં છપાવી તે જ સ્થળેથી પ્રગટ કર્યુ.
વર્ષ : ૪ - અંકઃ ૩૩ તા. ૩૧ ડિસે.-૨૦૧૩/જાન્યુ.-૨૦૧૪ (૦૨૮૬-૨૨૪૮૦૯૧)

## (૧) ડૉ. વી. આર. ગોઢાણિયા મહિલા કોલેજનો ૨૬મો વાર્ષિકોત્સવ દબદબાભેર સંપન્ન




ડૉ. વી.આર. ગોઢાણિયા કોલેજના ૨૬ મા વાર્ષિકોત્સવનું આયોજન તા. ૧૯-૦૧-૨૦૧૪ ના રોજ કરવામાં આવ્યું હતું. જેમાં મુખ્ય મહેમાન તરીકે, જાણીતા વિદ્વાન વકતા અને લેખક શ્રી જય વસાવડા ખાસ પધાર્યા હતા. કાર્યક્રમનો પ્રારંભ બી.એ.(સંસ્કૃત) સેમેસ્ટર-૬ની વિદ્યાર્થીનીઓ દ્વારા વેદમંત્રગાન સાથે કરવામાં આવ્યો હતો. આ પછી તુરત જ મંચ પર બિરાજમાન મહાનુભાવો, મુખ્ય મહેમાન શ્રી જય વસાવડા, ડૉ. વી.આર. ગોઢાણિયા શૈક્ષણિક સંકુલના માનનીય પ્રમુખશ્રી ડૉ. વિરમભાઈ ગોઢાણિયા, આદરણીય ટ્રસ્ટીશ્રીઓ, શ્રી ભરતભાઈ ઓડેદરા, શ્રીમતી શાંતાબહેન ઓડેદરા, શ્રી ભરતભાઈ વિસાણા તથા મહિલા કોલેજના પ્રિન્સીપાલશ્રી ડૉ. નાગરસાહેબના વરદ હસ્તે દિપપ્રાગટય કરાયું હતું.

ઉપસ્થિત સર્વે મહાનુભાવોનું શબ્દોથી સ્વાગત પ્રિન્સીપાલશ્રી ડૉ. નાગરસાહેબે કર્યું. આ સાથે તેમણે મહિલા કોલેજની ૨૫ વર્ષની વિકાસયાત્રાના ઉલ્લેખનીય પડાવોને યાદ કરતા જણાવ્યું કે, આ મહિલા કોલેજની સ્થાપના જુલાઈ-૧૯૮૮ માં થઈ હતી. જેને તા. ૦૧, જુલાઈ-૨૦૧૩ ના રોજ ૨૫ વર્ષ પૂર્ણ થયા. તેથી ૨૦૧૨-૨૦૧૩ ના શૈક્ષણિક વર્ષને મહિલા કોલેજમાં 'રજત જયંતિ' વર્ષ તરીકે ઉજવવામાં આવ્યું. ૨૫ મા વાર્ષિકોત્સવમાં મહિલા કોલેજની ૨૫ તેજસ્વી ભૂતપૂર્વ વિદ્યાર્થીનીઓનું સન્માન કરવામાં આવ્યું તથા ૦૧, જુલાઈ-૨૦૧૩ ના રોજ કોલેજનો સ્થાપના દિન મનાવવામાં આવ્યો. જેમાં કોલેજની પ્રથમ બેચની વિદ્યાર્થીની અને હાલમાં જાણીતી ગાયિકા શ્રી લલિતાબહેન ઘોડાદ્રા તથા ૨૫ મા વર્ષની તેજસ્વી વિદ્યાર્થીની કુ. કોશા ઓઝાનું સન્માન કરવામાં આવ્યું તથા સાંજના સમયે કવિ સંમેલનનું આયોજન કરવામાં આવ્યું હતું. વીતેલા વર્ષોમાં કોલેજનું બે વખત 'નેક કમિટિ' દ્વારા મુલ્યાંકન કરવામાં આવ્યું છે અને ગયા વર્ષે 'AAA' ઓડિટ પણ કરવામાં આવ્યું છે. જેમાં મહિલા કોલેજ સમગ્ર સૌરાષ્ટ્રની કોલેજોમાં પાંચમું અને પોરબંદર જિલ્લાની કોલેજોમાં પ્રથમ સ્થાન મેળવ્યું છે. આ ઉપરાંત, તેમણે કોલેજમાં ચલાવવામાં આપતા શોર્ટટર્મ કોર્ષ, ન્યુઝ લેટર, રિસર્ચ જર્નલ, સી.સી.ડી.સી., સી.સી.પી.સી., હેલ્થ સેન્ટર વગેરેની સરાહનીય કામગીરી અંગેની માહિતિ પુરી પાડી હતી. ત્યારબાદ મંચ ઉપર બિરાજમાન સર્વે મહાનુભાવોનું પુષ્પગુચ્છથી સ્વાગત કરાયું.

આ પછી મહિલા કોલેજના તાજેતરમાં જ Ph. D. ની ડિગ્રી મેળવનાર ડૉ. સ્મિતાબહેન આચાર્યનું સંસ્થાના પ્રમુખશ્રી શ્રી ડૉ. વિરમભાઈ ગોઢાણિયાના વરદ હસ્તે શાલ ઓઢાડીને સન્માન કરવામાં આવ્યું. સાથે જ કોલેજની આર્ટ્સ, કોમર્સ, હોમ સાયન્સ અને M.A. (English) માં પ્રથમ સ્થાન મેળવનાર કોલેજની વિદ્યાર્થીનીઓને 'શ્રીમતી જયશ્રીબહેન વિરમભાઈ ગોઢાણિયા ગોલ્ડ મેડલ' થી સન્માનિત કરવામાં આવી. જેમાં આર્ટ્સ વિદ્યાશાખાનો ગોલ્ડ મેડલ કુ. ધર્મિષ્ઠા પોસ્તરીયા (સમાજશાસ્ત્ર) ને આદરણીય શ્રી જય વસાવડાના વરદ હસ્તે, કોમર્સ વિદ્યાશાખાનો ગોલ્ડ મેડલ કુ. કોશા ઓઝાને આદરણીય શ્રી ડૉ. વિરમભાઈ ગોઢાણિયાના વરદ હસ્તે, હોમ સાયન્સ વિદ્યાશાખાનો ગોલ્ડ મેડલ કુ. સંતોક બોખીરીયાને આદરણીય ટ્રસ્ટીશ્રી ભરતભાઇ ઓડેદરાના વરદ હસ્તે તથા M.A. (English) નો ગોલ્ડ મેડલ કુ. કાજલ વાઢેરને આદરણીય ટ્રસ્ટીશ્રી શ્રીમતી શાંતાબહેન ઓડેદરાના વરદ હસ્તે એનાયત કરવામાં આવ્યો. સાથે જ કુ. સંતોક બોખીરીયાએ યુનિવર્સિટીમાં ફર્સ્ટ તથા કુ. કોશા ઓઝાએ યુનિવર્સિટીમાં દસમો ક્રમ પ્રાપ્ત કર્યો છે. તે બાબતની ખાસ નોંધ લેવામાં આવી. આ પછી તરત જ મહિલા કોલેજના પ્રાધ્યાપકશ્રીઓના સંશોધન લેખોને સમાવતા રિસર્ચ જર્નલ - 'ખોજ-અંક-૬' તથા વર્ષ ૨૦૧૨-૨૦૧૩ માં યોજાયેલ નેશનલ સેમિનારમાં રજુ થયેલ સંશોધન લેખોને સમાવતું પુસ્તક 'Culture, Civilization and Education' નું વિમોચન મંચસ્થ મહાનુભાવોના વરદ હસ્તે કરવામાં આવ્યું.

આ પછી આદરણીય ડૉ. વિરમભાઇ ગોઢાણિયાએ વિદ્યાર્થીનીઓને આશીર્વચનો આપ્યા અને ઉપસ્થિત વાલીશ્રીઓને સંબોધન કરતા જણાવ્યું કે, ૨૫ વર્ષ દરમ્યાન આ મહિલા કોલેજે ઘણી પ્રગતિ કરી છે. આ સુંદર કેમ્પસમાં અત્યારે ૧૧ યુનિટ ચાલે છે અને માળખાગત સુવિધાઓથી પણ આપણે સજ્જ બન્યાં છીએ. સંસ્થામાં વિદ્યાર્થીનીઓને શિક્ષણ માટે પ્રોત્સાહન, શિક્ષણનું યોગ્ય વાતાવરણ અને સલામતી માટે

મળે તે માટે પુરતી વ્યવસ્થા છે. રમતગમતના ક્ષેત્રે પણ આ સંસ્થાની મહિલા ક્રિકેટ ટીમે સમગ્ર ગુજરાતમાં દ્વિતીય સ્થાન પ્રાપ્ત કરી. કોલેજનું ગૌરવ વધાર્યું છે. M.B.A., M.C.A. અને M.Ed. ના અભ્યાસક્રમો શરૂ કરવાના પ્રયાસો ચાલુ છે. આ ઉપરાંત, સ્ત્રી શિક્ષણ અને સ્ત્રીશકિતકરણની આવશ્યકતા ઉપર તેમણે ખુબ ભાર મુકી કહેલી વાતોને વિદ્યાર્થીનીઓને તાળીઓના ગડગડાટથી વધાવી લીધી હતી.

કાર્યક્રમના મુખ્ય મહેમાનશ્રી જય વસાવડા સાહેબે પોતાના મનનીય વકતવ્યમાં જણાવ્યું કે તેઓ પોતે પણ પોરબંદરની એક શિક્ષિત નારીના પુત્ર છે. બાળવયમાં માતાએ તેમને દરરોજ એક ચોકલેટને બદલે દરરોજ એક પુસ્તક આપવાનો નિયમ બનાવ્યો હતો અને એ ખર્ચને પહોંચી વળવા માટે માતાએ જીવનભર સોનું ન પહેરવાનો નિર્ણય લીધો તથા જ્ઞાનનું સોનું તેમણે પોતાના પુત્રના વ્યકિતત્વમાં ઠાંસોઠસ ભર્યુ. તેમણે વિશ્વના નારીરત્નો તરીકે રઝિયા સુલતાના, અહલ્યાબાઈ હોલ્કર, સીતામાતા, ઈન્દિરા ગાંધી, બેનઝીર ભુટો અને શેખ હસીનાને યાદ કર્યા હતા અને જણાવ્યું હતું કે, વિદેશમાં સ્ત્રીઓ પોતાનો નિર્ણય લેવા સ્વતંત્ર છે. 'આત્મ નિર્ણયનો અધિકાર એટલે મહિલા સશકિતકરણ' વધુમાં તેમણે જણાવ્યું હતું કે, 'સ્ત્રીઓ દિલ અને દિમાગથી ખુબ જ મજબુત હોય છે. તેઓ એક સાથે અનેક બાબતો ઉપર એકાગ્રતા કેળવી શકે છે. તથા દિવાળીના દિવસે ગૃહલક્ષ્મીપુજન કરવું.' આ ઉપરાંત, વિદ્યાર્થીનીઓને ભવિષ્ય અંગે દિશાસુચન કરતા તેમણે જણાવ્યું હતું કે, 'તમે ભૂતકાળમાં શું હતા? તે મહત્વનું નથી. પણ ભવિષ્યમાં શું બનવાના છો? તે મહત્વનું છે.' આવતીકાલ ક્યારેય મરતી નથી અને સ્ત્રીઓને આર્થિક સ્વાવલંબન કેળવવાની બાબત પર તેમણે ભાર મુક્યો હતો.

આ પછી રજુ થયેલા સાંસ્કૃતિક કાર્યક્રમમાં મહિલા કોલેજની વિદ્યાર્થીનીઓ દ્વારા શિવસ્તુતિ, મહેર લોકનૃત્ય મણિયારો, તલવારબાજી, ગ્રુપડાન્સ, સ્પોર્ટ્સ ડાન્સ અને ગૃપ સોંગ જેવા કાર્યક્રમો રજુ થયા હતા. જેમાં કાજલ, શાંતિ, ઝલક, અનિતા, પ્રિયા, સીમા, નિધિ, નિલમ, હંસા, મંજુ, આરતી, બિનિતા, રક્ષા વિગેરેએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. સમગ્ર કાર્યક્રમના પૂર્વાર્ધનુ સંચાલન ડૉ. સંગીતાબહેન પારેખ તથા પ્રા. જાનકીબહેન કોટેચાએ કર્યું હતું તથા ઉતરાર્ધનું સંચાલન કોલેજની વિદ્યાર્થીનીઓ કુ. મિનલ રાઠોડ, કુ. પ્રાર્થના જાની, કુ. રૂચિકા કક્કડ તથા કુ. આલ્ફા ધનાણીએ કર્યું હતું. આભારવિધિ પ્રા. વર્ષાબહેન જોષીએ કરી હતી તથા રાષ્ટ્રગીત સાથે પૂર્ણ કરવામાં આવ્યો હતો.

સમગ્ર કાર્યક્રમની સફળતા માટે માનનીય ડૉ. વિરમભાઈ ગોઢાણિયા, શ્રી ભરતભાઈ વિસાણા, ડૉ. નાગરસાહેબ, શ્રી કગથરા સાહેબ, સાંસ્કૃતિક સમિતિના કન્વીનરશ્રી ડૉ. ઈલાબહેન થાનકી, ડૉ. વાઘેલા સાહેબ, ડૉ. ભાવનાબહેન કેશવાલા, પ્રા. વર્ષાબહેન જોષી, પ્રા. સુહાગિનીબહેન ગરાસિયા, પ્રા. નાથીબહેન રાજશાખા, વિદ્યાર્થીનીઓ તથા સમગ્ર કોલેજ પરિવાર જહેમત ઉઠાવી હતી.

## ૨) યુ.જી.સી. 'ડાયમંડ જયુબિલી સપ્તાહ' ની ઉજવણી :

સમગ્ર ભારતવર્ષમાં હાલમાં U.G.C. University Grants Commission - ના Diamond Jubilee year ની ઉજવણી થઈ રહી છે અને તેના ભાગરૂપે તાજેતરમાં જ તા. ૯-૧-૨૦૧૪ થી ૧૫-૧-૨૦૧૪ દરમ્યાન Diamond Jubilee Week ની ઉજવણી કરવામાં આવી.



ભારતનાં ગુજરાત રાજયમાં સૌરાષ્ટ્ર યુનિવર્સિટી સાથે સંલગ્ન, પોરબંદર ખાતેની ડૉ. વી.આર. ગોઢાણિયા મહિલા કોલેજમાં પણ U.G.C. ના આ Diamond Jubilee Week ની ઉજવણી ઉત્સાહભેર કરવામાં આવી. જેમાં તા. ૦૯ થી ૧૫ જાન્યુઆરી-૨૦૧૪ ના દિવસો દરમ્યાન વિવિધ પ્રકારની સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવ્યું.

જેમાં તા. ૦૯ જાન્યુઆરીના રોજ ડૉ. વી.આર.જી. મહિલા કોલેજના હોમ સાયન્સ વિદ્યાશાખાના પ્રા. ડૉ. કેતનભાઈ શાહ દ્વારા પ્રાર્થનાસભા U.G.C. સંદર્ભે એક માહિતિસભર વકતવ્ય આપવામાં આવ્યું. જેમાં તેમણે U.G.C. ના સ્થાપના સમયથી માંડીને આજ સુધીની યાત્રા અંગેની માહિતિ આપી. ઉપરાંત, U.G.C. ની મુખ્ય કામગીરી સંશોધનકાર્યને પ્રોત્સાહન તથા તે માટેની ગ્રાન્ટની ફાળવણી અંગે અત્યંત ઉપયોગી જાણકારી પુરી પાડી.

તા. ૧૦ જાન્યુઆરીના રોજ, બે સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવ્યું. જેમાં (૧) મહિલા કોલેજના સંસ્કૃત વિભાગ દ્વારા 'સ્તોત્રગાન 'સ્પર્ધા - જેનું સંચાલન સંસ્કૃત વિભાગના અધ્યક્ષ ડૉ. ગીતાબહેન ઉનડકટ દ્વારા કરવામાં આવ્યું. જેમના વિજેતાઓ આ પ્રમાણે છે : (૧) નયના મકવાણા બી.એ. સેમ-૬, (૨) પ્રિયા સાયાણી બી.એ. સેમ-૪, (૩) વર્ષા થાનકી બી.એ. સેમ-૪, (૪) હિના પંડયા બી.એ. સેમ-૨. (૨) મહિલા કોલેજના ગુજરાતી વિભાગ દ્વારા નિબંધ સ્પર્ધા, જેનું સંચાલન ગુજરાતી વિભાગના અધ્યક્ષ ડૉ. કમલેશભાઈ ગોહેલ દ્વારા કરવામાં આવ્યું નિબંધ લેખનના વિષયો હતા. ૧) આજનો યુવાન, (૨) સાંપ્રત સમયમાં શિક્ષણનું મહત્વ. - આ સ્પર્ધાના વિજેતાઓ, (૧) ભગવતી કામરીયા બી.એ. સેમ-૬ (૨) મમતા મુલચંદાની, (૩) ઈશિતા ગોહેલ બી.એ. સેમ-૬

તા. ૧૧ જાન્યુઆરીના રોજ, કમ્પ્યુટર ક્વીઝનું આયોજન કરવામાં આવ્યું. જેનું સંચાલન C.C.D.C. તથા કોમર્સ વિદ્યાશાખા (અંગ્રેજી માધ્યમ) ના અધ્યક્ષ શ્રી કલ્પનાબહેન જોષી તથા તેમના આસિસ્ટન્ટ કુ. સુનીતા પોપટીયા દ્વારા કરવામાં આવ્યું. આ ક્વીઝમાં કુલ ૬ ટીમોએ ભાગ લીધો હતો. જેમાં પ્રથમ વિજેતા ટમ-૧) સીમા ચાવડા, ફરીદા ખેતી, ઉર્વશી દાવડા, નિશા કારીયા તથા મંજુ મોઢવાડીયા વિદ્યાર્થીનીઓ રહી. આ તમામ વિદ્યાર્થીનીઓ બી.કોમ. (ગુજરાતી માધ્યમ) સેમ-૬ માં અભ્યાસ કરતી હતી અને દ્વિતીય વિજેતા ટીમ- આલ્ફા ધનાણી, રૂચિકા કક્કડ, શ્વેતા કતીરા, હિનલ કોટેચા (બી.કોમ.-અંગ્રેજી માધ્યમ સેમ-૬) તથા હીરલ પિત્રોડા અને નિરાલી સેમ-૨ (બી.કોમ. અંગ્રેજી માધ્યમ સેમ-૨) જાહેર થઇ.

તા. ૧૩ જાન્યુઆરીના રોજ, 'ડિબેટ સ્પર્ધા' નું આયોજન કરવામાં આવ્યું. જેનું સંચાલન મહિલા કોલેજના હિન્દી વિભાગના અધ્યક્ષ ડૉ. વાઘેલા સાહેબે કર્યું હતું. જેમાં ચર્ચાનો વિષય હતો- 'બળવાન કોણ ? પ્રારબ્ધ કે પુરૂષાર્થ ?' જેના વિજેતાઓ, (૧) વંદના પોપટ બી.કોમ. (ગુજરાતી માધ્યમ) સેમ-૪ (૨) રિદ્ધિ બોખીરીયા, બી.કોમ. (અંગ્રેજી માધ્યમ) સેમ-૪ અને (૨) નિયતિ દલાલ-બી.કોમ. (અંગ્રેજી માધ્યમ) સેમ-૨ તથા (૩) પ્રિયા સાયાણી બી.કોમ. સેમ-૪.

તથા તા. ૧૫ જાન્યુઆરીના રોજ, એક વક્તૃત્વ સ્પર્ધાનું આયોજન કરાયું. જેનું સંચાલન મહિલા કોલેજના અંગ્રેજી વિભાગના અધ્યક્ષ ડૉ. સુલભાબહેન દેવપુરકર દ્વારા કરવામાં આવ્યું હતું સ્પર્ધકોએ તેમના વિચારો અંગ્રેજીમાં જ રજુ કરવાના હતા. જેના વિષયો હતા.(1) Swami Vivekanand's Views on Education, (2) Swami Vivekanand's Views on Women's Progress (3) Outstanding Women's of India - વિજેતાઓ આ પ્રમાણે રહ્યા. ૧) નિયતિ દલાલ બી.કોમ. અંગ્રેજી માધ્યમ સેમ-૨. (૨) અક્ષા કારાટીલા બી.કોમ. અંગ્રેજી માધ્યમ સેમ-૪ (૩) હિરલ રાયઠઠ્ઠા બી.એ. સેમ-૨.

આ રીતે સમગ્ર સપ્તાહ દરમ્યાન વિવિધ સ્પર્ધાઓનું આયોજન કરાયું હતું. જેમાં મહિલા કોલેજની વિદ્યાર્થીનીઓએ ઉત્સાહભેર ભાગ લીધો. તમામ સ્પર્ધાઓના સ્પર્ધકો અને વિજેતાઓને ડૉ. વિરમભાઈ ગોઢાણિયા, શ્રી ભરતભાઈ વિસાણા, પ્રિન્સીપાલશ્રી ડૉ. નાગર સાહેબ, વાઈસ પ્રિન્સીપાલશ્રી કગથરા સાહેબ તમામ સ્પર્ધાઓના સંચાલકશ્રીઓ, નિર્ણાયકશ્રીઓ તથા સમગ્ર કોલેજ પરિવારે ખુખ ખુબ અભિનંદન પાઠવ્યાં હતા.

## ૩) ડૉ. વી.આર. ગોઢાણિયા શૈક્ષણિક સંકુલમાં પ્રજાસત્તાક પર્વની ઉમંગભેર ઉજવણી :

ડૉ. વી.આર.જી. શૈક્ષણિક સંકુલમાં તા. ૨૬-૦૧-૨૦૧૪ ના રોજ પ્રજાસત્તાક પર્વની ઉજવણી કરવામાં આવી. જેમાં સંકુલના પ્રમુખશ્રી ડૉ. વિરમભાઈ ગોઢાણિયાના વરદ હસ્તે રાષ્ટ્રધ્વજ લહેરાવવામાં આવ્યો હતો. રાષ્ટ્રધ્વજને સલામી આપ્યા બાદ, રજુ કરાયેલા સાંસ્કૃતિક કાર્યક્રમમાં સૌ પ્રથમ મહિલા કોલેજની વિદ્યાર્થીની કુ. નમ્રતા જાદવએ ભારતનાં રાષ્ટ્રગીતની ધુન વાયોલિન પર વગાડીને સૌને આનંદ વિભોર કર્યા હતા.

આ પછી તરત જ આદરણીય શ્રી ડૉ. વિરમભાઈ ગોઢાણિયા કરેલા પ્રાસંગિક ઉદ્બોધનમાં તેમણે જણાવ્યું કે, 'આજનો દિવસ ભારતદેશ માટે અત્યંત મહત્વનો છે. ભારતની લોકશાહી વિશ્વની સૌથી મોટી લોકશાહી છે. દેશની મોટાભાગની વસ્તી યુવા વયજુથની છે, ત્યારે એ બાબત અગત્યની છે કે, યુવાજુથ શિક્ષિત અને જાગૃત બને. જો આપણે મજબુત સરકાર અને રાષ્ટ્રની રચના કરવી હશે તો શિક્ષણ અને જાગૃતિ અત્યંત જરૂરી છે.' સાથોસાથ તેમણે પ્રજાસત્તાક પર્વ નિમિત્તે હાજર વિશાળ વિદ્યાર્થી સમુદાયને સ્વયંશિસ્ત અને સ્વચ્છતા જાળવવા પણ અનુરોધ કર્યો હતો તથા પશ્ચિમી સંસ્કૃતિના આ અત્યંત મહત્વના બે ગુણોને અપનાવવાની ભલામણ કરી હતી.



આ પછી સાંસ્કૃતિક કાર્યક્રમને આગળ વધારતા પ્રાયમરી સ્કુલ (અંગ્રેજી માધ્યમ)ના બાળકો એ તબલા વાદન, ગ્રુપ ડાન્સ અને સ્પીચ જેવા કાર્યક્રમનો રજુ કર્યા હતા. આ પછી શ્રીમતી જે.વી. ગોઢાપિયા ગર્લ્સ સ્કુલ હાઈસ્કુલની વિદ્યાર્થીનીઓએ ગ્રુપડાન્સ રજુ કર્યા હતો અને પછી તરત જ બી.કોમ. (અંગ્રેજી માધ્યમ) ની વિદ્યાર્થીનીઓ દ્વારા સ્પીચ, ગ્રુપ ડાન્સ તથા દેશભકિત નૃત્ય રજુ કરાયા હતા તથા ડૉ. વી. આર. ગોઢાણિયા બી.એડ્. કોલેજના તાલીમાર્થી કુ. દર્શના સાગોઠીયાએ દેશભકિત ગીત રજુ કર્યું તથા M.A. (English) તથા DELL

દ્વારા 'ધરતીકંપ' ની યાદગીરી (તા. ૨૬-૧-૨૦૦૧) અપાવતો ગ્રુપ ડાન્સ રજુ કરવામાં આવ્યો અને ત્યારબાદ શ્રી ચેતનભાઈ દવે દ્વારા તૈયાર કરાવાયેલ નાટક 'પ્રજાસત્તાક' રજુ કરાયું. આ સમગ્ર કાર્યક્રમમાં ડૉ. વી.આર. ગોઢાણિયા શૈક્ષણિક સંકુલના મયુર તન્ના, રૂચિકા કક્કડ, અંકિતા આંત્રોલિયા, શાંતિ આગઠ તથા તેમની સખીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. અંતમાં, આભારવિધિ પ્રા. સુહાગીનીબહેન ગરાસિયાએ કરી હતી.

સમગ્ર કાર્યક્રમનું સુંદર સંચાલન બી.કોમ. (અંગ્રેજી માધ્યમ) સેમ-૬ ની વિદ્યાર્થીનીઓ કુ. જલ્પા કંટારિયા તથા કુ. ડિમ્પલ પુરોહિતએ કર્યું હતું. પ્રજાસત્તાક પર્વ નિમિતે યોજાયેલા આ સુંદર કાર્યક્રમનું આયોજન મહિલા કોલેજના એન.એસ.એસ. વિભાગ દ્વારા કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમનું સફળ બનાવવા માટે એન.એસ.એસ.ના પ્રોગ્રામ ઓફિસર ડૉ. સંગીતાબહેન પારેખ તથા પ્રા. સુહાગીનીબહેન ગરાસિયા, વિદ્યાર્થીનીઓ તથા સમગ્ર કોલેજ પરિવારે જહેમત ઉઠાવી હતી. આ સુંદર કાર્યક્રમ નિહાળીને ડૉ. વિરમભાઈ ગોઢાણિયા, શ્રી ભરતભાઈ વિસાણા, ડૉ. નાગર સાહેબ તથા શ્રી કગથરા સાહેબે તમામ વિદ્યાર્થીનીઓ તથા બંને પ્રોગ્રામ ઓફિસરશ્રીઓને ખુબ ખુબ અભિનંદન પાઠવ્યા હતા.

## ૪) ત્રિવેણીસંગમ કાર્યક્રમ :-

ડૉ. વી.આર. ગોઢાણિયા મહિલા કોલેજમાં દર વર્ષે આર્ટ્સ, કોમર્સ અને હોમ સાયન્સ વિદ્યાશાખાઓમાં તથા આર્ટ્સ વિદ્યાશાખાના દરેક વિષયોમાં ભૂતપૂર્વ વિદ્યાર્થીનીઓ, વર્તમાન વિદ્યાર્થીનીઓ તથા વાલીશ્રીઓના સ્નેહમિલનના ત્રિવેણીસંગમ કાર્યક્રમનું આયોજન કરવામાં આવે છે. તે અનુસાર શૈક્ષણિક વર્ષ-૨૦૧૩-૧૪ માં પણ આ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે.

**(૧) સમાજશાસ્ત્ર વિભાગ :-** તા. ૦૪-૧-૨૦૧૪ 'સ્ત્રીઓ વિરુદ્ધ અત્યાચાર' ની થીમ ઉપર આધારીત આ કાર્યક્રમની શરૂઆત કુ. કાજલ મોઢા અને કુ. અંકિતા લોઢારી દ્વારા સરસ્વતીવંદના સાથે કરવામાં આવી. આ પછી આદરણીય ટ્રસ્ટીશ્રી ભરતભાઇ વિસાણા તથા મહિલા કોલેજના પ્રિન્સીપાલશ્રી ડૉ. નાગરસાહેબનું પુષ્પગુચ્છથી સ્વાગત કરાયા બાદ, આ બંને મહાનુભાવોએ આમંત્રિત વાલીશ્રીઓ તથા ભૂતપૂર્વ વિદ્યાર્થીનીઓનું સ્વાગત કરીને, વિદ્યાર્થીનીઓને આશીર્વચનો પાઠવ્યાં હતા. આ સાથે જ સમાજશાસ્ત્ર વિભાગની વિદ્યાર્થીનીઓએ વાલીશ્રીઓ તથા ભૂતપૂર્વ વિદ્યાર્થીનીઓનું પણ પુષ્પથી સ્વાગત કર્યું હતું.

આ પછી રજુ કરાયેલા સાંસ્કૃતિક કાર્યક્રમમાં નારીજીવનના વિવિધ તબક્કે અસ્તિત્વ ધરાવતા સ્ત્રી ભ્રુણહત્યા, દહેજ અત્યાચાર, ઘરેલું હિંસા, છેડતી, બળાત્કાર, જાતિય સતામણી, એસિડ એટેક વિગેરે જેવા અત્યાચારના વિવિધ સ્વરૂપોને રજુ કર્યા હતા. સ્ત્રીભ્રુણ હત્યા પર આધારીત કાવ્યપઠન કુ. નિરાલી થાનકી અને શ્વેતા રાયઠઠાએ કર્યુ હતું. દહેજ અત્યાચાર ઉપર સ્પીચ કુ. મિતલ મોકરીયાએ આપી હતી. અને એસીડ એટેક ઉપર કુ. ગીતા ચાવડાએ પોતાના વ્યતવ્ય તાદશ્ય કરી હતી. તથા ઘરેલું હિંસાની ઘટનાને તથા ઘરની બહાર અત્યાચારોનો ભોગ બનતી સ્ત્રીઓની પીડાને 'વહુએ વગોવ્યા મોટાં ખોરડા' અને 'No Right to Say No' નાટકને સમાજશાસ્ત્ર વિભાગની પ્રથમ, દ્વિતીય અને તૃતીય વર્ષની વિદ્યાર્થીનીઓએ સુંદર અભિનય દ્વારા રજુ કર્યા હતા.

ત્યારબાદ કાર્યક્રમમાં ઉપસ્થિત '૨૩' વાલીશ્રીઓ માંથી '૦૨' વાલીશ્રીઓએ ડૉ. વી.આર.જી. મહિલા કોલેજમાં અપાતાં શિક્ષણ અંગે તથા ત્રિવેણીસંગમ કાર્યક્રમ અંગે પોતાના પ્રતિભાવો રજુ કર્યા હતા. આ પછી કાર્યક્રમમાં હાજર રહેલ '૧૯' ભૂતપૂર્વ વિદ્યાર્થીનીઓમાંથી '૦૪' વિદ્યાર્થીનીઓએ પણ પોતાના પ્રતિભાવો રજુ કર્યા હતા. આ પછી '૦૨' વર્તમાન વિદ્યાર્થીનીઓએ પણ પોતાના 'કોલેજ વિશે'ના અભિપ્રાયો રજુ કર્યા હતા. સમગ્ર કાર્યક્રમમાં સમાજશાસ્ત્ર વિષય સાથે અભ્યાસ કરતી લગભગ '૪૦' જેટલી વિદ્યાર્થીનીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. કાર્યક્રમનું સુંદર રીતે સંચાલન બી.એ. (સમાજશાસ્ત્ર) સેમ-૬ ની વિદ્યાર્થીનીઓ કુ. પુજા મોઢા અને કુ. મિતલ કીરીએ કર્યું હતું. સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવામાં સમાજશાસ્ત્ર વિભાગના અધ્યક્ષ ડૉ. રેખાબહેન મોઢા, ડૉ. કીર્તિબહેન જાની તથા સમાજશાસ્ત્ર વિભાગની વિદ્યાર્થીનીઓ જહેમત ઉઠાવી હતી.

**(૨) અર્થશાસ્ત્ર વિભાગ :-** તા. ૧૧-૦૧-૨૦૧૪ કાર્યક્રમની શરૂઆત અર્થશાસ્ત્ર વિભાગ પ્રાધ્યાપક ડૉ. ભાવનાબહેન કેશવાલા દ્વારા 'ૐ' ના નાદથી કરવામાં આવી. આ પછી તરત જ પ્રાધ્યાપકશ્રીઓ તથા ઉપસ્થિત વાલીશ્રીઓ દ્વારા દિપપ્રાગટ્ય કરવામાં આવ્યું. આ પછી તરત જ અર્થશાસ્ત્ર વિભાગના અધ્યક્ષ ડૉ. ઈલાબહેન થાનકીને સ્વાગત પ્રવચન કર્યું અને વિદ્યાર્થીનીઓ દ્વારા પ્રાધ્યાપકશ્રીઓ તથા ઉપસ્થિત વાલીશ્રીઓનું પુષ્પ વડે સ્વાગત કરાયું.

આ પછી અર્થશાસ્ત્ર વિભાગના વિદ્યાર્થીનીઓ દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમ રજુ કરાવામાં આવ્યો. જેમાં B.A. Sem-6 ની વિદ્યાર્થીની કુ. કિંજલ મકવાણાએ 'સંસ્કારી કુંટુબ' વિશે પોતાના વિચારો રજુ કર્યા. આ પછી B.A. Sem-6 ની વિદ્યાર્થીનીઓ દ્વારા 'ભારતીય અર્થતંત્ર'ની વર્તમાન પરિસ્થિતિને અનુલક્ષીએ એક નાટક રજુ કરાયું. આ પછી B.A. Sem-4ની વિદ્યાર્થીની કુ. જયના થાનકીએ 'યુવાવર્ગના પ્રેરક સ્વામી વિવેકાનંદ' વિષય પર સ્પીચ રજુ કરી. પછી તરત જ B.A. Sem-4ની વિદ્યાર્થીની કુ. હિના વાજાએ 'જીવન જીવવાની શૈલી' વિશે એક સુંદર કવિતા રજુ કરી. ત્યાર પછી B.A. Sem-4ની વિદ્યાર્થીની કુ. વિશાખા થાનકી તથા કુ. રિદ્ધિ જોષીએ 'દિકરી' અંગે સંયુકત રીતે પોતાના વિચારો

રજુ કર્યા. ઉપરાંત, B.A. Sem-4ની વિદ્યાર્થીનીઓ દ્વારા એક સુંદર દેશભકિત નૃત્ય રજુ કરાયું. B.A. Sem-6ની વિદ્યાર્થીનીઓ દ્વારા ભગવાન શ્રી કૃષ્ણની રાસલીલા દર્શાવતું એક સુંદર Performance રજુ કરાયું. આ પછી B.A. Sem-2ની વિદ્યાર્થીનીઓ કુ. પુનમ જોષીએ એક ગીત તથા કુ. ચાંદની થાનકીએ 'ભારતની વર્તમાન અર્થવ્યવસ્થા' અંગે પોતાના વિચારો રજુ કર્યા. આ પછી B.A. Sem-6ની વિદ્યાર્થીનીઓ કુ. મોનાણી ડિમ્પલ અને કુ. રાધિકા થાનકીએ કોલેજ વિશેના પોતાના અભિપ્રાયો રજુ કર્યા.

આ પછી કાર્યક્રમને આગળ વધારતા અર્થશાસ્ત્રની વિદ્યાર્થીનીઓએ શિલ્ડ એનાયત કરાયા. જેમાં B.A. Sem-2ની ની વિદ્યાર્થીનીઓ કુ. રેખા નનેરા, કુ. કિરણ ઓડેદરા અને કુ. ગીતા ઓડેદરાને 'Best Students' જાહેર કરી. તેમને શિલ્ડ અપાયા તથા B.A. Sem-4ની વિદ્યાર્થીનીઓ કુ. દેવલ જોષી, કુ. ભારતી કારાવદરા અને કુ. આશા ઓડેદરા પણ 'Best Students' તરીકેના શિલ્ડ અપાયા. B.A. Sem-6માં અભ્યાસ કરતી કુ. હેતલ ખુંટી, કુ. કિંજલ મકવાણા અને કુ. ઊર્જા ગોસ્વામીને પણ 'Best Students' તરીકેના શિલ્ડ અપાયા અને પછી B.A. Sem-6ની વિદ્યાર્થીની કુ. રાધિકા થાનકી, કુ. ચાંદની જોષી અને કુ. દિશા વાજાને Outstanding Students તરીકે ના શિલ્ડ એનાયત કરવામાં આવ્યા. આ કાર્યક્રમમાં અર્થશાસ્ત્ર વિભાગમાં અભ્યાસ કરતી લગભગ ૩૦ જેટલી વિદ્યાર્થીનીઓના વાલીશ્રીઓએ હાજરી આપી હતી.

કાર્યક્રમના અંતમાં, અર્થશાસ્ત્ર વિભાગના મુલાકાતી પ્રાધ્યાપક શ્રી પિયુષભાઈ પાણખાણિયાએ આભારવિધિ કરી હતી. કાર્યક્રમનું સુંદર સંચાલન કુ. જયના થાનકી તથા કુ. રાધિકા થાનકીએ કર્યું હતું. સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવામાં ડૉ. ઈલાબહેન થાનકી, ડૉ. ભાવનાબહેન કેશવાલા, પ્રા. પિયુષભાઈ પાણખાણિયા તથા વિદ્યાર્થીનીઓએ જહેમત ઉઠાવી હતી.

**(૩) માનસશાસ્ત્ર વિભાગ :-** તા. ૨૫/૦૧/૨૦૧૪ ડૉ. વી.આર. ગોઢાણિયા મહિલા કોલેજમાં માનસશાસ્ત્રનો વિષય માત્ર Elective Subject તરીકે ભણાવવામાં આવે છે. માનસશાસ્ત્ર વિભાગના આ કાર્યક્રમમાં સંસ્થાના ટ્રસ્ટીશ્રી ભરતભાઈ વિસાણા, પ્રિન્સીપાલશ્રી ડૉ. નાગર સાહેબ તથા મહિલા કોલેજના પ્રાધ્યાપકશ્રી દેવાયતભાઇ બાકુ અને ૧૨ જેટલા વાલીશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમ દરમ્યાન વાલીશ્રીઓએ 'મહિલા કોલેજ' તથા 'મનોવિજ્ઞાન વિભાગ' અંગેના પોતાના અભિપ્રાયો જણાવતા કહ્યું હતું કે વર્ષ દરમ્યાન જો આવા કાર્યક્રમોનું એક થી વધુ વખત આયોજન કરવામાં આવે તો અમારી પુત્રીઓને પોતાની ભાવિ કારકીર્દિ અંગેની સાચી દિશા પ્રાપ્ત થઈ શકે તેમ છે. ઉપરાંત, જયારે પણ આવા કાર્યક્રમોનું આયોજન કરવામાં આવશે ત્યારે પોતે સૌ ચોક્કસ હાજરી આપી, સહકાર આપશે. એવો કોલ આવ્યો હતો. સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવામાં મનોવિજ્ઞાનના પ્રાધ્યાપક શ્રી બાકુસાહેબ તથા વિદ્યાર્થીનીઓએ જહેમત ઉઠાવી હતી.

**(૫) Ph.D. સન્માન :- ડૉ. સ્મિતાબહેન આચાર્ય.**



ડૉ. વી.આર. ગોઢાણિયા મહિલા કોલેજના હોમસાયન્સ વિભાગના પ્રાધ્યાપક શ્રી સ્મિતાબહેન આચાર્ય એ તૈયાર કરેલ મહાનિબંધ - An Analytical Study of Urban Unorganized sector of working women's Nutritional Food in - Saurashtra Region - In the context of Porbandar and Junagadh Districts - નો સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ દ્વારા સ્વીકાર કરીને તેમને જાન્યુઆરી-૨૦૧૪ માં Ph.D. ડિગ્રી એનાયત કરવામાં આવી છે. ડૉ. સ્મિતાબહેન આચાર્યએ પોતાનો આ મહાનિબંધ ડૉ. વી.આર. ગોઢાણિયા મહિલા કોલેજના અર્થશાસ્ત્ર વિભાગના અધ્યક્ષ ડૉ. ઈલાબહેન થાનકીના માર્ગદર્શન હેઠળ તૈયાર કર્યો છે. ડૉ. સ્મિતાબહેન આચાર્યએ મેળવેલી આ ઝળહળતી સિદ્ધિ બદલ, કોલેજના વાર્ષિકોત્સવની ઉજવણી સમયે ડૉ. વી.આર. ગોઢાણિયા શૈક્ષણિક સંકુલના પ્રમુખશ્રી ડૉ. વિરમભઈ ગોઢાણિયાના વરદ હસ્તે, તેમને શાલ ઓઢાડી સન્માનિત કરવામાં આવ્યા હતા.

**(૬) C.C.D.C. / UDISHA અંતર્ગત થયેલ પ્રવૃત્તિઓ :-**

૧) તા. ૨૦-૧૨-૨૦૧૩ ના રોજ, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી રાજકોટ દ્વારા લેવામાં આવતી 'જનરલ નોલેજ કસોટી, SUCATE' નું આયોજન, C.C.D.C. ના કન્વીનરશ્રી કલ્પનાબહેન જોષીના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું. જેમાં ડૉ. વી.આર. ગોઢાણિયા મહિલા કોલેજના આશરે ૨૦૦ જેટલા વિદ્યાર્થી ભાઈ-બહેનોએ ભાગ લીધો હતો.

૨) તા. ૦૨-૦૧-૨૦૧૪ ના રોજ, ધો. ૧૨ પછી વિદ્યાર્થીનીઓ મુંઝવતા પ્રશ્નને ધ્યાનમાં રાખીને 'Career After 12th' નું સેમિનારનું આયોજન કરાયું. જેમાં શ્રીમતી જે.વી. ગોઢાણિયા ગર્લ્સ હાઈસ્કુલની વિદ્યાર્થીનીઓએ ભાગ લીધો હતો. આ કાર્યક્રમમાં ગર્લ્સ હાઈસ્કુલના આચાર્ય શ્રી શ્વેતાબહેન રાવલ તથા શિક્ષકમિત્રોનો સહયોગ પ્રાપ્ત થયો હતો. આ સેમિનારમાં ધો. ૧૨ પછી આગળ અભ્યાસની કેવી અને કેટલી તકો છે? કઇ શાખાની પસંદગી કરવી? દરેક ક્ષેત્રે નોકરીની કેટલી તકો છે? વિગેરે બાબતો અંગેની તમામ માહિતિ PPT દ્વારા C.C.D.C./UDISHA કન્વીનરશ્રી કલ્પનાબહેન તથા પ્રા. ધવલભાઇ આરદેશણા દ્વારા આપવામાં આવી તથા દરેક કોર્ષ અંગેની વિશેષ જાણકારી કઇ વેબસાઈટ ઉપરથી પ્રાપ્ત થઇ શકે તેમ છે?' તે અંગેની સમજ પણ વિદ્યાર્થીનીઓએ આપવામાં આવી હતી.

૩) તા.૨૫/૦૧/૨૦૧૪ના રોજ, M.B.A. / M .C.A. ની પ્રવેશ પ્રક્રિયાની તમામ પ્રકારની માહિતિ અને કોલેજની પસંદગી અંગે 'માર્ગદર્શક સેમિનાર' નું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં SUN SHINE EDUCATION - RAJKOT ના પ્રા. પ્રિયંક ગોકાણી PPT દ્વારા વિદ્યાર્થીનીઓને જરૂરી માહિતિ આપવામાં આવી હતી. સેમિનારના આયોજનનું મહત્વ કન્વીનરશ્રી કલ્પનાબહેન જોષીએ સમજાવ્યું હતું. સમગ્ર કાર્યક્રમનું સંચાલન, સ્વાગત અને પરિચયવિધિ B.Com. (ગુજરાતી માધ્યમ) Sem-6 ની વિદ્યાર્થીની કુ. મિનલ રાઠોડ દ્વારા કરવામાં આવ્યું હતું. આ સેમિનારમાં કોલેજના સ્નાતક વર્ષમાં અભ્યાસ કરતી અંદાજિત ૧૮૦ જેટલી વિદ્યાર્થીનીઓ જોડાઈ હતી.

૪) તા. ૩૦-૦૧-૨૦૧૪ ના રોજ, Gardi Institute-Rajkot ના Film, Television & Journalism Department દ્વારા એક મલ્ટીમીડીયા સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સેમિનાર તજજ્ઞ તરીકે પધારેલા શ્રી રાજકુમાર સપ્રા (HOD), શ્રી તપન શુક્લા, વૈશાલી પારેખ (Placement officer) તથા કાજલ ટાંક (Programme officer) એ પોતાની આગવી શૈલીમાં ફિલ્મ, ટેલિવિઝિન અને જર્નાલીઝમ (પત્રકારિત્વ) ના અગત્યના પાસાંઓની છણાવટ કરી હતી. આ કાર્યક્રમમાં કોલેજના સ્નાતક વર્ષમાં અભ્યાસ કરતી ૧૪૦ જેટલી વિદ્યાર્થીનીઓ ભાગ લીધો હતો. કાર્યક્રમની આભારવિધિ શ્રી કલ્પનાબહેન જોષીએ કરી હતી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન B.Com. (ગુજરાતી માધ્યમ) Sem-6 ની વિદ્યાર્થીની કુ. મિનલ રાઠોડ તથા કુ. પ્રાર્થના જાનીએ કર્યું હતું.

## (૭) એન.એસ.એસ. અંતર્ગત પ્રવૃતિઓ :-

૧) તા. ૦૪-૧૨-૨૦૧૩ ના રોજ જિલ્લા સેવા સદન, પોરબંદર ખાતે કલેકટર ઓફિસમાં 'Rural drop out Ratio' વિષય પર મિટિંગ પર હાજરી.

૨) તા. ૦૬-૧૨-૨૦૧૩ ના રોજ **HDFC** બેંકના સહયોગથી ૧૪૪ સીસી બ્લડ ડોનેશન.

૩) તા. ૦૭-૧૨-૨૦૧૩ રોજ જિલ્લા ચુંટણી અધિકારી ઓફિસમાં 'યુવા મતદાર જાગૃતિ' અંગેની મીટિંગમાં હાજરી.

૪) તા. ૧૫-૧૨-૨૦૧૩ ના રોજ, 'Run for unity અંતર્ગત કોલેજ, કેમ્પસમાંથી ૧૪૪ વિદ્યાર્થીનીઓનું રજીસ્ટ્રેશન તેમજ ચોપાટી પર 'દોડ કાર્યક્રમ'માં ભાગીદારી.

૫) તા. ૨૨ થી ૩૦-૦૧-૨૦૧૪ દરમ્યાન, ડૉ. વી.આર. ગોઢાણિયા કોલેજ સંકુલ (મહિલા કોલેજ, આઈ.ટી., બી.બી.એ., બી.એસ.ડબલ્યુ) માં વિદ્યાર્થીનીઓ માટે ચુંટણી કાર્ડ મેળવવા માટેના ફોર્મ ભરવાની કામગીરી કરવામાં આવી. જેમાં અંદાજિત ૭૦ જેટલા ફોર્મ ભરવામાં આવ્યા.

૬) તા. ૨૬-૧-૨૦૧૪ ના રોજ ડૉ. વી.આર. ગોઢાણિયા શૈક્ષણિક સંકુલમાં પ્રજાસત્તાક પર્વની ઉજવણીનું આયોજન એન.એસ.એસ. અંતર્ગત કરવામાં આવ્યું.

૭)તા. ૨૭-૦૧-૨૦૧૪ ના રોજ, 'Run for Unity' અંતર્ગત યોજવામાં આવેલ 'નિબંધ સ્પર્ધા' નું પરિણામ જાહેર કરાયું. જેના વિજેતાઓ, ૧) કુ. અંકિતા લોઢારી B.A.Sem-4 (૨) કુ. માધુરી પાણખાણીયા B.Com.Sem-4 (૩) કુ.દીક્ષા લાખાણી B.A.Sem-6 (અંગ્રેજી માધ્યમ)

૮) તા. ૩૦-૧-૨૦૧૪ ના રોજ, 'Flag Foundation if India' દ્વારા આયોજિત કાર્યક્રમનું હોસ્ટેલ વિભાગમાં લાઈવ ટેલિકાસ્ટ નિહાળવામાં આવ્યું.

૯) તા. ૩૦-૦૧-૨૦૧૪ ના રોજ, 'ગાંધી નિર્વાણ દિન' નિમિતે કીર્તિમંદિર ખાતે, મંત્રીશ્રી બાબુભાઈ બોખીરીયાની અધ્યક્ષતામાં, શ્રી કીરીટભાઈ રાજપરા દ્વારા યોજાયેલ પ્રાર્થનાસભામાં સાંજના ૫-૩૦ થી ૭-૩૦ દરમ્યાન હાજરી.

## (૮) 'સ્વામી વિવેકાનંદ કેન્દ્ર' – અંતર્ગત પ્રવૃતિઓ :-

૧) સ્વામી વિવેકાનંદનો વિદ્યાર્થીનીઓને સંદેશ – એ વિષય પર પોરબંદરના વિદુષી નિવૃત પ્રાધ્યાપિકા જ્યોતિબહેન થાનકીના વ્યાખ્યાનનું આયોજન કરવામાં આવ્યું અને પ્રવચન બાદ વિદ્યાર્થીનીઓ સાથે પ્રશ્નોતરી પણ કરવામાં આવી.

૨) 'શ્રી રામકૃષ્ણ મિશન-પોરબંદર' દ્વારા જુદી જુદી સ્પર્ધાઓનું આયોજન કરાયેલું. જેમાં વિજેતાઓને સર્ટિફિકેટ, શિલ્ડ તથા ઈનામો આપી સન્માનિત કરવામાં આવ્યા હતા. આમા ચિત્ર સ્પર્ધામાં કુ. અંકિતા લોઢારી અને વક્તૃત્વ સ્પર્ધાઓમાં કુ. વિધિ રાયકુંડલિયાએ વિજેતા બનવાનું ગૌરવ પ્રાપ્ત કર્યું હતું.

૩) સ્વામી વિવેકાનંદના જીવન પર આધારીત એક નાટકની કોલેજની વિદ્યાર્થીનીઓ સમક્ષ રજુઆત કરવામાં આવી.

૪) B.A. Sem-2 ની વિદ્યાર્થીનીઓ સાથે પ્રા. સુલભાબહેન દેવપુરકરે 'શ્રી રામકૃષ્ણ મિશન, પોરબંદર' ની મુલાકાત લીધી હતી.

## (૯) 'હેલ્થ સેન્ટર' અંતર્ગત પ્રવૃતિઓ :-

દેશભરમાં 6th ડિસેમ્બરે HDFC બેંક દ્વારા રકતદાન કેમ્પના આયોજનમાં પોરબંદરમાંથી ડૉ. ગોઢાણિયા કોલેજની કેમ્પ માટે પસંદગી.

તા. ૦૬-૧૨-૨૦૧૩ ના રોજ, HDFC Bank દ્વારા દેશભરમાં રકતદાન કેમ્પનું આયોજન થયેલું હતું. તેમાં પોરબંદરમાં ડૉ. વી.આર. ગોઢાણિયા મહિલા કોલેજ ખાતે, 'આશા બ્લડ બેંક' ના સહયોગથી રકતદાન કેમ્પનું આયોજન થયેલું હતું. આ દિવસો દરમ્યાન સૌરાષ્ટ્ર યુનિવર્સિટીની

પરીક્ષાઓ ચાલતી હોવાથી રક્તદાન કેમ્પનો સમય સવારના ૭-૩૦ થી ૧૦-૦૦ વાગ્યા સુધીનો રાખવામાં આવ્યો હતો. HDFC Bankના સિનિયર અધિકારી શ્રી રાજીવભાઈ દોશી અને તેમની ટીમ પણ આ સમય દરમ્યાન કોલેજ ખાતે હાજર રહ્યા હતા. તેમણે બ્લડ ડોનેશન અંગે વિદ્યાર્થીનીઓની જાગૃતિ અને સમજની નોંધ લઈ પ્રશંસા કરતા જણાવ્યું હતું કે, ''અમને ખ્યાલ ન હતો કે જે બાબતની સમાજના મોટાભાગના લોકોને જાણ નથી. તે બાબત અંગેની વિદ્યાર્થીનીઓ પાસે ખુબ જ સમજ છે.'' યુનિવર્સિટીની પરીક્ષાઓ ચાલુ હોવા છતા '૩૫' વિદ્યાર્થીનીઓએ સ્વૈચ્છિક રક્તદાન કર્યું હતું. સૌ પ્રથમ રક્તદાન પ્રા. ડૉ. ભાવનાબહેન કેશવાલાએ કર્યું હતું. હેલ્થ સેન્ટર સાથે સંકળાયેલા ડૉ. જયશ્રીબહેન પરમારે સતત હાજરી આપી માર્ગદર્શન પુરૂં પાડયું હતું. મહિલા કોલેજના પ્રિન્સિપાલશ્રી ડૉ. નાગરસાહેબે સૌને શુભાશિષ પાઠવ્યા હતા. HDFC Bank તરફથી રક્તદાન કરનાર તમામ વિદ્યાર્થીનીઓને સર્ટિફિકેટ આપવામાં આવ્યા હતા.

## (૧૦) 'લાઈબ્રેરી સમિતિ' અંતર્ગત પ્રવૃતિઓ :-

૧) તા. ૨૧/૧૨/૨૦૧૩ ના રોજ, શ્રી સાંદિપની વિદ્યાનિકેતન-પોરબંદર ખાતેની સંસ્કૃત લાઈબ્રેરીની મુલાકાત B.A.Sem-6 (સંસ્કૃત) ની વિદ્યાર્થીનીઓ સાથે.

૨) તા. ૨૪/૧૪/૨૦૧૩ ના રોજ, 'રાષ્ટ્રીય ગ્રાહક દિન' નિમિતે, 'ગ્રાહક જાગૃતિ' અંગેના પુસ્તકો અને પત્રિકાઓનું પ્રદર્શન લાઈબ્રેરી ખાતે રાખવામાં આવેલું.

૩) તા. ૦૬/૧/૨૦૧૪ ના રોજ 'સુવિચાર સ્પર્ધા' નું આયોજન કરવામાં આવ્યું જેના વિજેતાઓ,

૧) કુ. નિરાલી થાનકી B.A.Sem-6

૨) કુ. અંકિતા લોઢારી B.A.Sem-4

૩) કુ. આરતી રાઠોડ B.A.Sem-6

૩) કુ. નયના મકવાણા B.A.Sem-6 રહ્યા હતા.

## (૧૧) Youth Red Cross અંતર્ગત પ્રવૃતિઓ :-

૧) કોલેજના વાર્ષિકોત્સવ દરમ્યાન તા. ૧૭/૧૮/૧૯-૦૧-૨૦૧૪ દરમ્યાન યોજાયેલ પુસ્તક પ્રદર્શનની મુલાકાત.

૨) 'શારીરિક માનસિક વિકાસમાં શારીરિક શિક્ષણનું મહત્વ' એ વિષય પર કોલેજના વાઈસ પ્રિન્સિપાલશ્રી કગથરા સાહેબનું વ્યાખ્યાન.

૩) 'Adolescent' ની સમસ્યાઓ અંગે સર્વે.

## ૧૨) 'સ્કાઉટ એન્ડ ગાઈડ' અંતર્ગત પ્રવૃતિ :-

૧) તા. ૨૬/૦૧/૨૦૧૪ રોજ, શ્રી કગથરા સાહેબ, ડૉ. સ્મિતાબહેન આચાર્ય તથા 'સ્કાઉટ એન્ડ ગાઈડ ગર્લ્સ' દ્વારા રાષ્ટ્રધ્વજને સલામી આપવામાં આવી.

## ૧૩) સપ્તધારા અંતર્ગત પ્રવૃતિઓ :-

**૧) જ્ઞાનધારા :-** ૧) શીઘ્ર વક્તૃત્વ સ્પર્ધા :- તા. ૨૮/૧૨/૧૩ વિજેતાઓ :-

૧) કુ. દિવ્યા અટારા B.Com. (અંગ્રેજી માધ્યમ) Sem-4

૨) કુ. રિદ્ધિ બોખીરીયા B.Com. (અંગ્રેજી માધ્યમ) Sem-4

૩) કુ. નૈનિકા નીમા B.Com. (અંગ્રેજી માધ્યમ) Sem-4

આ સ્પર્ધામાં કુલ '૧૩' વિદ્યાર્થીનીઓએ ભાગ લીધો હતો. નિર્ણાયકશ્રીઓ : ૧) ડૉ. રેખાબહેન મોઢા, (૨) પ્રા. જાનકીબહેન કોટેચા

૨) સંસ્કૃત સ્તોત્રગાન સ્પર્ધા :- U.G.C. Diamond Jubilee Week ની ઉજવણી નિમિતે.

**૨) નાટયધારા :-**

૧) તા. ૨૧/૧૨/૧૩ PPT Presentation - 'શેકસપિયરના નાટકો' રજુઆત કુ. ખુશાલી જોષી B.A.Sem-6 (English)

૨) તા. ૨૮/૧૨/૧૩ 'માઈમ' દહેજ પ્રથા પર આધારીત રજુઆત શ્રી ચેતનભાઈ દવે, કલાકારો-હિરલ જોષી, નિશા જોષી, મિતલ જોષી, આરતી લુકકા, શાંતિ આગઠ, નેહલ પાણખાણિયા

૩) તા. ૦૪/૦૧/૨૦૧૪ નાટક 'ભોલારામ કા જીવ' રજુઆત શ્રી ચેતનભાઇ દવે. કલાકારો-નિશા જોષી, મિતલ જોષી, નેહલ પાણખાણિયા, જોષી ધર્મિષ્ઠા, જાનકી શર્મા, આશા જોષી, દિપા ઓડેદરા, આરતી વારા, તેજસ્વી લુક્કા.

૪) તા. ૧૮/૦૧/૨૦૧૪ નાટક 'MBBS ની ડાયરી' રજુઆત શ્રી ચેતનભાઈ દવે. કલાકારો-નિશા જોષી, હિના ઝાલા, મિતલ જોષી, નેહલ પાણખાણિયા, દિપા ઓડેદરા, આરતી વારા, તેજસ્વી લુક્કા, હિરલ જોષી, શાંતિ આગઠ, વૈશાલી પાણખાણિયા તથા 'નાટક' 'અજબ મોમ કી ગજબ કહાની' નાટય સંવાદ વાંચન - કુ. અંકિતા લોઢારી, કુ. કાજલ મોઢા, શાંતિ આગઠ, હીના, શિવાંગી,

### ૩) સર્જનાત્મક અભિવ્યકિતધારા :-

૧) તા. ૧૭-૧૨-૧૩ 'વૈદિક ગણિત' અંગે વ્યાખ્યાન વકતા- શ્રી દેવશીભાઈ ભુતિયા

૨) તા. ૩૧-૧૨-૧૩ નવા વર્ષ ૨૦૧૪ ના આગમનની ઉજવણી

૩) તા. ૦૭-૦૧-૧૪ અંગ્રેજી નાટક 'Merchant of Venis' રજુ કરાયું. જેમાં પ્રિન્સીપાલશ્રી ડૉ. નાગરસાહેબ તથા અન્ય પ્રાધ્યાપકશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.

૪) તા. ૨૮-૦૧-૨૦૧૪ ' પોતાના દૈનિક જીવનમાં એકાગ્રતાનો સમન્વય' - વ્યાખ્યાન વકતા શ્રી કે.સી. ગુપ્તા

### ૪) ગીત-સંગીત ધારા :-

૧) ગીત-ગુંજન કાર્યક્રમ - ૧, (૨) અંતાક્ષરી કાર્યક્રમ - ૨, (૩) ગીત-ગુંજન કાર્યક્રમ, (૪) ડિબેટ સ્પર્ધા U.G.C. Diamond Jubilee WeeKની ઉજવણી અનુસંધાને

### ૫) સામુદાયિક સેવાધારા :-

૧) તા. ૨૦-૧૨-૨૦૧૩ 'પર્યાવરણ' ના સંદર્ભમાં ચર્ચા વિષય - 'લીલો વિકાસ'.

૨) તા. ૦૩-૦૧-૨૦૧૪ 'શારીરિક માનસિક વિકાસમાં શારીરિક શિક્ષણનું મહત્વ' વિષય પર વ્યાખ્યાન. વકતા શ્રી વાઈસ પ્રિન્સિપાલશ્રી હરિભાઈ કગથરા

૩) વકતૃત્વ સ્પર્ધા U.G.C. Diamond Jubilee WeeK ઉજવણી અનુસંધાને

૪) તા. ૨૪-૦૧-૨૦૧૪ 'Foods and Nutrition' - વ્યાખ્યાન. વકતા પ્રા. નાથીબહેન રાજશાખા

### ૬) રંગ-કલા-કૌશલ્ય ધારા :-

૧) તા. ૦૮-૧૨-૨૦૧૩ વેસ્ટમાંથી બેસ્ટ ડેમોન્સ્ટ્રેશન શ્રી. દિવ્યાબહેન દ્વારા આયોજીત.

૨) તા. ૦૧-૦૧-૨૦૧૪ ડ્રોઈંગ સ્પર્ધા વિજેતાઓ ૧) કુ. કાજલ મોઢા B.A. Sem-4 (૨) કુ. માધુરી પાણખાણિયા B.A. Sem-4

૩) તા. ૦૮-૦૧-૨૦૧૪ શ્રી ભારતીબહેન શિંગરખીયા દ્વારા, ડ્રોઈંગ કલેકશન

૪) તા. ૦૮-૦૧-૨૦૧૪ 'Expert Lecture 'Mind Power & Positivity' - વ્યાખ્યાન વકતા શ્રી બાકુસાહેબ

૫) તા. ૦૫-૦૧-૨૦૧૪ થી તા. ૩૦-૦૧-૨૦૧૩ સુધી Short Term Course 'સોફ્ટ ટોયર્સ (ટેડીબિયર)' શ્રી શિલ્પાબહેન કેશવાલા દ્વારા આયોજીત

૬) તા. ૨૨-૦૧-૨૦૧૪ વેસ્ટમાંથી બેસ્ટ ડેમોસ્ટ્રેશન - કુ. ઉર્મિલા પાણખાણિયા દ્વારા વિષય (૧) થર્મોકોલ ગણપતિ (૨) સ્પ્રે બોટલ પર સ્ટોનવર્ક.

૭) તા. ૨૯-૦૧-૨૦૧૪ વેસ્ટમાંથી બેસ્ટ ડેમોસ્ટ્રેશન કુ. ઉર્મિલા પાણખાણિયા દ્વારા વિષય :- નારિયેળના ગણપતિ

## ૧૪) અભ્યાસવર્તુળ અંતર્ગત પ્રવૃતિઓ :-

### ૧) અંગ્રેજી અભ્યાસ વર્તુળ :-

૧) તા. ૦૪-૦૧-૨૦૧૪ના રોજ એક 'શીઘ્ર વકતૃત્વ સ્પર્ધા' નું આયોજન કરાયું. જેમાં B.A. Sem-6ની વિદ્યાર્થીનીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો.

૨) તા. ૧૧-૧-૨૦૧૪ ના રોજ 'Group Discussion' નું આયોજન કરાયું. જેનો વિષય હતો. - 'એક સ્ત્રીની વિટંબણા - કારકીર્દિ કે કુંટુંબ ? ' જેના વિજેતાઓ (૧) જમરીયા શીતલ B.A. Sem-6 અને પોપટ વંદના B.Com, (ગુજરાતી માધ્યમ) Sem-4

(૨) જોષી ખુશાલી B.A. Sem-6 કોટિયા હેતલ B.A. Sem-6 તથા પરમાર લીલુ B.A. Sem-6

(૩) ઓડેદરા ચેતના B.A. Sem-6 અને બડવા તરૂણા B.A. Sem-2

૩) વિદ્યાર્થીનીઓને 'વાંચન' ની પ્રેરણા મળે એ હેતુથી માહિતિસભર અને પ્રેરણાદાયી પુસ્તકોનું આદાનપ્રદાન કરવાનું શરૂ કરાયું છે.

**૨) હિન્દી અભ્યાસ વર્તુળ :-**

૧) સુલેખન સ્પર્ધા.

૨) હિન્દી-ગુજરાતી અનુવાદ સ્પર્ધા

૩) કાવ્ય પઠન સ્પર્ધા. જેના વિજેતાઓ, (૧) કુછડીયા રેખા. (૨) ઓડેદરા મનિષા (૩) વારા કાજલ. (૪) માણેક હિરબાઈ (૫) માણેક લાખીબાઈ

**૩) સંસ્કૃત અભ્યાસ વર્તુળ :-**

૧) તા. ૧૨-૧૨-૧૩ના રોજ, ગીતા જયંતિ નિમિત્તે B.A. Sem-6 (સંસ્કૃત) ની વિદ્યાર્થીની કુ. નયના મકવાણા દ્વારા **'गीता सुगीता कर्तव्य'** વિષય પર સંસ્કૃતમાં સ્પીચ આપવામાં આવી.

૨) તા. ૧૩-૧૨-૧૩ ના રોજ, B.A. Sem-6 (સંસ્કૃત) ની વિદ્યાર્થીનીઓ દ્વારા પ્રાર્થનાસભામાં શ્રીમદ્ ભગવદ્ગીતાના શ્લોકોનું ગાન કરાયું.

૩) તા. ૧૯-૧૨-૧૩ ના રોજ, 'શાંતિકુંજ સંસ્થા હરિદ્વાર' દ્વારા 'ભારતીય સંસ્કૃતિ જ્ઞાનવર્ધક પરીક્ષા'નું આયોજન કરવામાં આવ્યું. જેમાં ડૉ. વી.આર.જી. મહિલા કોલેજની ૭૦ વિદ્યાર્થીનીઓ તથા શ્રીમતી જે.વી.જી. ગર્લ્સ હાઈસ્કુલની ૧૨ વિદ્યાર્થીનીઓએ ભાગ લીધો હતો. આ પરીક્ષાનું આયોજન તથા સુપરવિઝન ડૉ. ગીતાબહેન ઉનડકટ તથા પ્રા. દક્ષાબહેન ચોટાઈ દ્વારા કરવામાં આવ્યું.

૪) તા. ૧૯-૧૨-૧૩ ના રોજથી 'સંસ્કૃત ગ્રામર કોર્ષ (સેકન્ડ બેંચ) Short Term Course' ની શરૂઆત કરવામાં આવી.

૫) તા. ૨૧-૧૨-૧૩ના રોજ, 'શ્રી સાંદિપનિ વિદ્યાનિકતેન' ની મુલાકાત B.A. Sem-6 (સંસ્કૃત) ની વિદ્યાર્થીનીઓ દ્વારા લેવામાં આવી. જેનું આયોજન પ્રા. વર્ષાબહેન જોષી દ્વારા કરાયું હતું.

૬) તા. ૦૧-૦૧-૨૦૧૪ ના રોજ, T.Y.B.A. સંસ્કૃતની વિદ્યાર્થીનીઓ દ્વારા 'Welcome - 2014' પાર્ટીનું આયોજન કરાયું હતું.

૭) તા. ૦૬-૦૧-૨૦૧૪ ના રોજ, B.A.Sem-6 (સંસ્કૃત) વિદ્યાર્થીનીઓ સાથે, ડૉ. ગીતાબહેન ઉનડકટએ 'હેન્ડલુમ પ્રદર્શન-૨૦૧૩' ની મુલાકાત લીધી.

**૪) ગુજરાતી અભ્યાસ વર્તુળ :-**

૧) U.G.C. 'Diamond Jubilee Week' ના અનુસંધાને 'નિબંધ સ્પર્ધા' નું આયોજન કરવામાં આવ્યું.

**૫) અર્થશાસ્ત્ર અભ્યાસ વર્તુળ :-**

૧) તા. ૧૯-૧૨-૧૩ Expert Lecture વકતા શ્રી કપિલભાઈ લાખાણી. વિષય - C.C.P.C. ની પ્રવૃતિઓ સંબંધિત ઉપયોગી માહિતિ.

૨) તા. ૨૧-૧૨-૧૩ ના રોજ, B.A. Sem-6 (અર્થશાસ્ત્ર) ની વિદ્યાર્થીનીઓને Handi Craft Exhibition ની મુલાકાત માટે લઈ જવાયા.

૩) તા. ૨૩-૧૨-૧૩ સમગ્ર કોલેજની વિદ્યાર્થીનીઓ માટે Quiz Competition નું આયોજન કરાયું.

૪) તા. ૨૭-૧૨-૧૩ Expert Lecture વકતા શ્રી સંકેતભાઈ જોષી તથા શ્રી જયેશભાઈ ભટ્ટ. વિષય - Awareness of Savings and Investor's in the Market'.

૫) તા. ૩૧-૧૨-૧૩ B.A.Sem-6 (અર્થશાસ્ત્ર) ની વિદ્યાર્થીનીઓને 'BISAG Lecture' માટે લઈ જવામાં આવી.

૬) તા. ૧૧-૦૧-૧૪ અર્થશાસ્ત્ર વિભાગના 'ત્રિવેણી સંગમ' કાર્યક્રમનું આયોજન કરાયું.

૭) તા. ૨૭-૦૧-૧૪ B.A.Sem-6 ની વિદ્યાર્થીનીઓ દ્વારા C.C.P.C. ની મુલાકાત.

૮) તા. ૨૮-૦૧-૧૪ B.A.Sem-6ની વિદ્યાર્થીનીઓ માટે BISAG Lecture

૯) તા. ૨૯-૦૧-૨૦૧૪ B.A.Sem-6 ની વિદ્યાર્થીનીઓને Picnic માટે 'દ્વારકા' લઈ જવામાં આવી.

**૬) સમાજશાસ્ત્ર અભ્યાસ વર્તુળ :-**

૧) તા. ૨૬-૦૧-૧૩ Expert lecture વકતા ડૉ. મમતાબહેન ભટ્ટ. વિષય - 'સ્ત્રી રોગો' અંગેનું માર્ગદર્શન તથા જરૂરી માહિતિ.

૨) તા. ૦૪-૦૧-૨૦૧૪ સમાજશાસ્ત્ર વિભાગ દ્વારા 'ત્રિવેણી સંગમ' કાર્યક્રમનું આયોજન.

૩) નિબંધ સ્પર્ધા. વિષયો - (૧) ભ્રષ્ટાચાર એક સાંપ્રત સમસ્યા. (૨) ધાર્મિક અંધશ્રદ્ધા અને ધર્મ સંબંધિત છેતરપિંડી (૩) સર્વ સમસ્યાઓનું મૂળ નિરક્ષરતા. વિજેતાઓ - (૧) કુ. નિરાલી થાનકી, (૨) કુ. શ્વેતા રાયઠઠા, (૩) કુ. શાંતિ આગઠ. નિર્ણાયકશ્રી તરીકે, ડૉ. કીર્તિબહેન જાનીએ સેવાઓ આપી.

૪) તા. ૨૧-૦૧-૨૦૧૪ થી Short Term Course '(Women Empowerment -3 Levels)' નો દ્વિતીય તબક્કો 'Diploma course' શરૂ કરવામાં આવ્યો. જેના કો-ઓર્ડિનેટર, ડૉ. રેખાબહેન મોઢા અને Course Teacher પ્રા. ફિરોઝા બેલીમ છે.

**૭) માનસશાસ્ત્ર અભ્યાસ વર્તુળ :-**

૧) માનસશાસ્ત્ર અભ્યાસ વર્તુળ અંતર્ગત ચલાવવામાં આવતો Short Term Course - 'Personality Development' પૂર્ણ થયો. જેની પરિક્ષામાં પ્રથમ ત્રણ ક્રમાંક મેળવનાર વિદ્યાર્થીનીઓ. - ૧) કુ. ભારતી વિષ્ણુગોડિયા. (૨) કુ. તરૂણા બડવા અને (૩) કુ. ચાંદની મોરઝરીયા રહી.

**૮) કોમર્સ (અંગ્રેજી માધ્યમ) અભ્યાસ વર્તુળ :-**

૧) તા. ૦૭-૧૨-૧૩ Story Making આયોજક ,પ્રા. ઋષિ પંડયા. વિજેતાઓ (૧) દિક્ષા લાખાણી અને માધુરી કારીયા - B. Com. Sem-6 (૨) લક્ષ્મી નિરબન અને નૈનિકા નીમા B. Com. Sem-4 (૩) રોશન પંડયા, મિતલ ચાંડેગરા અને પ્રિયા ચૌહાણ B.Com. Sem-4 (૪) કુંજના જાની અને જેસિતા કક્કડ B.Com. Sem-4

૨) તા. ૧૪-૧૨-૧૩ Jumbloid Competition આયોજક પ્રા. જાનકીબહેન કોટેચા-નિર્ણાયકશ્રી પ્રા. મહેશભાઈ કિકાણી તથા પ્રા. ઋષિભાઈ પંડયા. વિજેતાઓ (૧) રોશની પંડયા, નૈનિકા નીમા અને રિદ્ધિ બોખીરીયા B.Com. Sem-4. (૨) લક્ષ્મી નિરબન અને કાજલ રાજયગુરૂ B.Com. Sem-6 તથા વૈશાલી રાયચુરા B.Com Sem-6 (૩) કુ. કાજલ જોષી તથા નિજલ પિપરોતર B.Com. Sem-4 તથા નમ્રતા જાદવ B.Com. Sem- 6.

૩) તા. ૨૧-૧૨-૧૩ Solo Competition આયોજક. પ્રા. રિદ્ધિ ગોટેચા. નિર્ણાયકશ્રીઓ, ૧) સુનીતા પોપટીયા, (૨) ચાંદની દવે વિજેતાઓ, (૧) દિક્ષા લાખાણી B.Com. Sem-6 (૨) હીના વાજા B.Com. Sem-4 (૩) પ્રિયંકા મોઢા B.Com. Sem-4

૪) તા. ૨૮-૧૨-૧૩ Group Dance Competition આયોજક. પ્રા. રિદ્ધિબહેન ગોટેચા. નિર્ણાયકશ્રીઓ (૧) ડૉ. ભાવનાબહેન કેશવાલા. (૨) ભારતીબહેન શિંગરખીયા. વિજેતાઓ- ૧) શ્વેતા શિયાળ અને ગ્રુપ. (૨) હીના વાજા અને ગ્રુપ (૨) નિશી પાંધી અને ગ્રુપ. (૩) પાયલ ઠકરાર અને પૂર્વી થાનકી.

૫) તા. ૦૪-૦૧-૨૦૧૪ Poster Making Competition આયોજક- પ્રા. વિપુલભાઈ દાસાણી. નિર્ણાયકશ્રી. ૧) પ્રા. આર. કે. મોઢવાડીયા તથા (૨) શ્રી ડી.ડી. ધોકીયા. વિજેતાઓ- ૧) અક્ષા કારાટેલા Sem-2 (૨) બંસી લાખાણી Sem-4 (૨) ધારા મકવાણા Sem-2 (૩) હેલી ઢાંકી Sem-2 (૩) અંજલિ વનિયન Sem-2.

૬) તા. ૧૧-૦૧-૨૦૧૪ 'Ad mad Show' Competition આયોજક- પ્રા. ધવલભાઈ આરદેશણા. નિર્યાણકશ્રીઓ - (૧) પ્રા. વિપુલભાઇ દાસાણી અને (૨) રિદ્ધિબહેન ગોટેચા. વિજેતાઓ- ૧) અંકિતા આંત્રોલિયા અને ગ્રુપ Sem-6 (૨) ગોઢાણિયા સંતોક અને ગ્રુપ Sem-4 (૩) શાહ હેમાંશી અને ગ્રુપ Sem-6 (૩) હાર્દિકા મોતીવરસ અને ગ્રુપ B.Com. Sem-2

**૯) હોમ સાયન્સ અભ્યાસ વર્તુળ :-**

૧) Expert Lecture - વકતા શ્રી નિર્મળાબહેન મહેતા. વિષય - 'વ્યકિતત્વ વિકાસ'માં સહઅભ્યાસિક પ્રવૃત્તિઓનો ફાળો.
૨) Expert Lecture - વકતા વિપુલભાઈ દાસાણી. વિષય Taxation.
૩) Visit- B.Sc. sem-2 - વિદ્યાર્થીનીઓ દ્વારા 'નવજીવન ટ્રસ્ટ' પોરબંદર.
૪) Visit- B.Sc. sem-2 - વિદ્યાર્થીનીઓ દ્વારા 'સાહેલી ગ્રામ વિકાસ સંસ્થાન' બગવદર.
૫) Training - B.Sc. sem-4 ની વિદ્યાર્થીનીઓ માટે 'સાક્ષરતા અભિયાન' કાર્યક્રમ અંતર્ગત પ્રૌઢ શિક્ષણ અને નિરંતર શિક્ષણના પ્રેરકો દ્વારા આયોજીત. ડૉ. વી.આર. ગોઢાણિયા મહિલા કોલેજ, પોરબંદર.
૬) Visit- B.Sc. sem-6 - વિદ્યાર્થીનીઓએ 'હેન્ડલુમ એકસ્પો' પ્રદર્શન.
૭) Exhibition તા. ૨૪-૧૨-૧૩ ના રોજ 'રાષ્ટ્રીય ગ્રાહક દિન' નિમિતે ગ્રાહક જાગૃતિ અંગેના પુસ્તકો અને પત્રિકાઓનું પ્રદર્શન.
૮) Short Term Course- 'Hand Embroidery' તા. ૦૪-૦૧-૨૦૧૪ થી શરૂઆત સમયગાળો- ૦૨ માસ. કો-ઓર્ડિનેટર- પ્રા. દક્ષાબહેન

ચોટાઈ. Course Teacher કુ. હેતલ દાવડા.

૯) શ્રીમતી જે.વી.જી. ગર્લ્સ હાઈસ્કુલમાં હોમ સાયન્સ અંગેનું Counselling કરવામાં આવ્યું.

## ૧૫) વર્ષગાંઠ અભિનંદન.

પ્રસ્તુત અંકમાં ફેબ્રુઆરી અને માર્ચ - ૨૦૧૪માંથી જેમની વર્ષગાંઠ આવી રહી છે. તેમને સૌ પ્રથમ વખત વર્ષગાંઠની શુભકામનાઓ પાઠવતાં 'જ્યોતિર્ગમય' ની ટીમ અત્યંત આનંદ અનુભવે છે.

તો આ રહ્યા ડૉ. વી.આર. ગોઢાણિયા કોલેજ પરિવારના એ સભ્યો જેમની વર્ષગાંઠ ફેબ્રુઆરી તથા માર્થ ૨૦૧૪ દરમ્યાન આવી રહી છે.

ફેબ્રુઆરી -૨૦૧૪

૧) તા. ૧૨ ફેબ્રુઆરી - પ્રા. રણમલભાઇ મોઢાવાડીયા.

૨) તા. ૦૨ ફેબ્રુઆરી - પ્રા. જીતેન્દ્રભાઈ પરમાર.

૩) તા. ૧૪ ફેબ્રુઆરી - શ્રી જલ્પાબહેન મહેતા.

૪) તા. ૧૯ ફેબ્રુઆરી - શ્રી કપિલભાઈ લાખાણી.

૫) તા. ૧૫ ફેબ્રુઆરી - શ્રી રામજીભાઈ ખેતરપાળ

માર્ચ -૨૦૧૪

૧) તા. ૦૬ માર્ચ - ડૉ. વી.આર. ગોઢાણિયા શૈક્ષણિક સંકુલના આદરણીય પ્રમુખશ્રી ડૉ. વિરમભાઈ ગોઢાણિયા

૨) તા. ૧૧ માર્ચ - ડૉ. ભાવનાબહેન મશરૂ

૩) તા. ૧૩ માર્ચ - પ્રા. સુહાગીનીબહેન ગરાસિયા

૪) તા. ૧૮ માર્ચ - પ્રા. વર્ષાબહેન જોષી

૫) તા. ૨૫ માર્ચ - શ્રી સોનલબહેન પાંડવ

## (૧૬) ટીચર્સ કોર્નર :- માનસશાસ્ત્ર વિભાગ તથા હોમ સાયન્સ વિદ્યાશાખા

### ૧) મનોવિજ્ઞાન વિભાગ - પ્રા. દેવાયતભાઈ બાકુ

**પર્સનાલિટી**

વ્યકિતત્વ માટે રિલેશન મેનેજમેન્ટ બહુ જ અગત્યની બાબત છે. તું બધાને હળમળતો રહીશ તો સહકારની ભાવના જાગ્રત થશે, પરંતુ એ ધ્યાન રાખજે કે તારી વાણી બીજાને નુકસાન ના કરે. પર્સનાલિટી ગિફ્ટમાં મળતી નથી. એની તો સમજણ કેળવવી પડે છે. આપણને ભગવાને ઘણાં વરદાનો આપ્યાં છે. એ વરદાનોનો ઉપયોગ આપણે કર્યો જ નથી. જીવન જ બહું મોટું વરદાન છે. જીવન આપણને કહે છે કે માંગ... માંગ... માગે તે આપું, પરંતુ આપણને માગતા નથી. આવડતું એવી વસ્તુ માંગી લેવી જોઈએ કે જેથી બીજા કશાની જરૂર જ ના પડે. વ્યકિતત્વ એવી વસ્તુ છે કે જે હોય તો બીજા કશાની જરૂર પડતી નથી.

પર્સનાલિટી ત્રિવેણી સંગમ છે. તેમાં હૃદય, બુદ્ધિ અને આત્મા બહુ જ અગત્યનાં છે. વ્યકિતત્વ એવું રાખો જેમાંથી હૃદયનો સ્પર્શ થાય. બુદ્ધિનો અનુભવ પ્રગટે આત્માની પ્રતીતિ થાય.

### ૨) હોમ સાયન્સ વિદ્યાશાખા - ડૉ. ચેતનાબહેન બેચરા

દેશ અને દુનિયાની સંસ્થાઓ વિકાસકાર્યોમાં અવ્વલ રહેવા માટે પ્રયત્નશીલ છે. પરંતુ સમૃદ્ધ થવા માટે માનવમુલ્યો પણ રોપવા જરૂરી છે. એ ત્યારે શકય બને છે. જયારે વ્યકિતનું વ્યકિતત્વ ભીતરથી આનંદિત હોય. તે સર્જનાત્મક કાર્ય માટે ઉત્સાહિત હોય. આપણે નસીબદાર છીએ કે વિચારશીલ, બુદ્ધિમાન અને યુવાન વ્યકિતત્વનું ઘડતર થઇ શકે. એવી સુવિધાઓ ઉપલબ્ધ છે. ઉચ્ચ ધ્યેયો અને પુરૂષાર્થ થકી આ સિદ્ધ થઈ શકે એમ છે. દેશની દરેક વ્યકિતના વિચારો સ્વસ્થ બને અને ભારત નિર્માણમાં કટિબદ્ધતા દાખવે તેવી અભ્યર્થના સહ.

### ૩) ડૉ. સ્મિતાબહેન આચાર્ય

''આ પૃથ્વી પર શુરવીરો તો હજારો છે. ડગલે ને પગલે વિદ્વાનો પણ અનેક છે. કુબેરને પણ પરાજિત કરે તેવા ધનપતિઓ પણ અસંખ્ય છે. પરંતુ બીજા માણસોને દુઃખ પીડિત જોઈને જેનું મન દુઃખ અનુભવે તેવા સજ્જનો આ જગતમાં ઓછા હોય છે.''

### ૪) પ્રા. દક્ષાબહેન ચોટાઈ

જેવી રીતે દીપ ગરીબ અને અમીરના ઘરે સરખો જ પ્રકાશ આપે છે તેમ કેળવણી સાથે સંકાળાયેલા. શિક્ષક, આચાર્ય કે અધ્યાપક જો વિદ્યાર્થી, વાલીઓ પ્રત્યે કોઈપણ પ્રકારના ભેદભાવ વગર સમાનતા, સમભાવ રાખે તો એને સાચા અર્થમાં કેળવણીકાર કહી શકાય.

### ૫) પ્રા. નાથીબહેન રાજશાખા

**''આધુનિક સાયલન્ટ કિલર ફેટ''**

આધુનિક યુગમાં જો કોઈ ગંભીર પ્રશ્ન હોય તો તે છે. ફેટ. અત્યારે શું ખાવું ? કેવું ખાવું ? કેટલું ખાવું? આના વિશે લોકો ચર્ચા તો ખુબ કરે છે. પણ શું તેમને સાચી ખબર છે ? તો મોટાભાગના લોકોને નથી.

ચરબી શરીરમાં કેલરી સ્વરૂપે શકિત આપવાનું કાર્ય કરે છે. ૧ ગ્રામ ચરબી ૯ કેલેરી શકિત આપે છે. એક પુખ્તવયની વ્યકિતને ૨૨૦૦ થી ૨૫૦૦ કેલરીની જરૂર પડે છે. જો શરીરમાં તેના કરતા વધારે કેલરી આહાર દ્વારા લેવાય તો તે શરીરમાં જમા થાય છે.

## (૧૭) સ્ટુડન્ટ કોર્નર :- "મિત્ર ! જીવન જીવી બતાવો"

તડકો હોય કે વરસાદ હોય,
સુખ હોય કે દુ:ખ હોય,
મોઢા પર આપણા હંમેશા
રાખવું જોઈએ સ્મિત.

હસી ખુશી, ખેલકુદની સાથે આવે છે.
કોઈ દુ:ખ ભરી યાદો,
પણ આપણે જીવન જીવવાનું છે.
તો દ્દઢ નિશ્ચય લઇને જીવીએ.

જીંદગીમાં અનેક જગ્યાએથી
મળે છે. લોકો સારા-નરસાં,
સાચા મિત્ર એ જ હોય છે,
જે સાથ આપે દરેક સુખ-દુ:ખ

ચિંતાથી રહો દુર,
ક્રોધ પર રાખો કાબુ.
જીંદગીની મજા લેવા માટે
જીવનમાં ખુશી ફેલાવો.

આશામાં દરેક વિતાવો ક્ષણ,
સૂર્યોદયમાં દરેક વિતાવો ક્ષણ,
સૂર્યોદયની સાથે હસો-મુસ્કુરાઓ
હૃદયને સિંહ જેવું બનાવો.

મિત્ર, જીવન જીવી બતાવો

-મોઢા સોનલ કે. (sem-2)

## આવી ધૂળેટી

રંગેલી ધુળેટી
ધુળેટી આવી, ધુળેટી આવી,
પ્રેમનો સંદેશો લાવી,
દુશ્મનીના કાળા અંધકારમાં,
પ્રેમનો પીળો ઉજાસ લાવી,
અધર્મના કાળા વાદળમાંથી,
ધર્મ રૂપી પીળો સૂર્ય લાવી,
બાળકો માટે રંગો લાવી,
રંગ રંગીલો ગુલાલ લાવી,
ધુળેટી આવી, ધુળેટી આવી.

-વાજા હિરલ જી. (sem-4)

## (૧૮) પ્રિન્સીપાલશ્રીની કલમે :- DIS SATISFACTION

Desires leave the soul unsatisfied
The quenching of one leads to another
Consummation is sought among calamitous clouds
Is this happiness that thrills the mind?

The Joy of burning lies in patience
The Verge of sorrow in happiness
Deprive me of satisfaction
And may I remain eternally thirsty.

My life is meeting and a parting
Where time embraces times after an age
I pay for you pleasurable brooding
And delight in your attempt to look through me.

May you rest in nature's bosom
And I fail in holding on to you
Let this fragile form gradually vanish
And i merge with in time.

You are an eternal waiting
And I a slow forlorn traveller
My steps get erased quickly
And still seek my religion's end!

Why don't you settle in my mind
And silently witness things painful?
I have attempted to look for you
As as stranger his unknown land.

You are morning's delight
And i evening's sorrow
i cry and pass my woeful days
And hide when my hour arrives to converges.

I have lost you in finding
And finding think you lost
May my delusion get dispelled
And leave this life dis-satisfied

**-Dr. Nagarsaheb**

## (૧૯) તંત્રી સ્થાનેથી :-

**ऋतुना कुसुमाकराः** - વસંત એટલે ઋતુરાજ ઉત્સવના વધામણા. આપનો મહા સુદ પાંચમનો દિવસ એટલે વસંત પંચમી.

આવા સૌંદર્ય અને તારુણ્યથી છલકાતા ઋતુરાજ વસંતના વધામણા લઈને આવતી વસંતપંચમીનો ઉત્સવ સમાજના જુદા જુદા લોકોમાં વિવિધ રીતે પ્રચલિત છે. તે વેદકાલીન પર્વ છે અને શ્રુતિ પ્રમાણે **वसन्ते ब्राहणमुयनयेत** એ દિવસે બ્રાહ્મણ બાળકોનો ઉપનયન સંસ્કાર કરી ઋષિ આશ્રમમાં પ્રવેશ અપાતો. શિક્ષણક્ષેત્રે આ દિવસ સરસ્વતી પુજનનું મહાપર્વ ગણાય છે. પ્રાચીનકાળમાં રાજાઓ આ દિવસે વિદ્વતગોષ્ઠિઓનું આયોજન કરતા. ભારતીય સંસ્કૃતિએ બધી જ દ્રષ્ટિથી વસંતને આવકારી છે અને તેના વધામણા રૂપે વસંતપંચમીનો ઉત્સવ મન મુકીને માણ્યો છે. સાથે સાથે પ્રેરક નિર્દેશ કર્યો છે કે જીવનમાં વસંતને ખીલવવી હશે તો આશાદીપ સતત પ્રજવલ્લિત રાખીને સંયમ અને સમત્વવૃતિ કેળવવી પડશે. તો જીવનમાં વસંતને ખીલવા દો ! તો ચાલો વસંતમાંથી પ્રેરણા લઈ પોતાની જાતને કંડારી એક સુંદર આકૃતિ નિર્માણ કરી વસંતને વધાવીએ.

૧) ડૉ. રેખાબહેન મોઢા
૨) પ્રા. વર્ષાબહેન જોષી
૩) પ્રા. કલ્પનાબહેન જોષી
૪) પ્રા. ઋષિભાઈ પંડ્યા
૫) શ્રી સુરેશભાઈ ગોરસિયા

જીવનને જો તમે ચાહતા હો તો સમય ગુમાવશો નહિ. કારણ કે, જીવન સમયનું જ બનેલું છે.